# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૫ નુહ અને જળ પ્રલય (ઉત્પત્તિ અધ્યાય-૬ થી ૯)

ઈશ્વર પવિત્ર છે અને તે પાપોનો ન્યાય કરે છે. ઈશ્વર દયા અને કૃપા કરવા માટે પણ ઉતાવળા છે. આ બંને વાકયો એક બીજાથી વિરૂધ્ધનાં છતાં સાચા કેવી રીતે હોઈ શકે ? છેલ્લા અભ્યાસમાં આપણે જોયુ કે, ઈશ્વરે કાઈનનો તેનાં પાપોને કારણે ન્યાય કર્યો. અત્યારનાં અભ્યાસમાં આપણે કાઈનની દસમી પેઢી વિશે જોઈશું, કે જેને બાઈબલમાં 'નુહ' તરીકે ઓળખવામાં આવે છે. નુહની આ વાતમાં એ મધ્યવર્તી સચ્ચાઈ રહેલી છે કે, ઈશ્વર પવિત્ર છે અને જેઓ પાપ કરે છે તેઓનો તે ન્યાય કરે છે. જોકે આ જળ પ્રલયની વાત છતા છુટકારાની વાત પણ દર્શાવે છે.

જળ પ્રલય થયો તે પહેલાં પુરુષ કે સ્ત્રીઓ ખુબ લાંબા સમય સુધી જીવતા હતા. (લગભગ ૭૦૦ થી ૯૦૦ વર્ષ) આદમ અને હવાની પેઢીઓ જેઓ ઈશ્વરને અનાજ્ઞાંકિત બન્યા અને ઘણાંખરા ભયંકર કૂકર્મમાં ફસાયા. તેઓ સર્વનાં વિચારો અને કાર્યો દુષ્ટ હતા. તેઓ એ પોતાનાં દ્ષ્કર્મનો પશ્ચાતાપ કર્યો નહિ, તેથી દેવનું હૃદય તુટી ગયુ. તેમણે નિર્ણય કર્યો કે આ દુષ્કર્મીઓને નાબુદ કરીને તેઓ પૃથ્વીને શુધ્ધ કરશે. પરંતુ તે સમય દરમિયાન એક માણસ વિશ્વાસ સાથે જીવતો હતો. તેનુ નામ નુહ હતુ. તેને શેમ, હામ અને યાફેથ નામે ત્રણ દિકરાઓ હતા. પ્રેરિત પિત્તર લખે છે કે, "નુહ એ ન્યાયીપણાનો ઉપદેશક હતો (૨જુ પિત્તર ૨:૫).

દેવે નુહને કહયુ કે, પૃથ્વી પર દુષ્ટતા અને અશુધ્ધતા વધી પડવાને કારણે હું સમગ્ર પૃથ્વીનો જળપ્રલયથી નાશ કરવાનો છું. આમ છતાં પૃથ્વી પર તારુ જીવન બચાવવા મારી પાસે યોજના છે. હું ચાહુ છુ કે તું તારે સારુ એક મોટુ વહાણ બનાવ. હું તને તેની લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ વિશે માર્ગદર્શન આપીશ. જયારે તું તે બનાવી રહે ત્યારે જળપ્રલયથી પૃથ્વી પરનાં તમામ પ્રાણીઓનો તથા લોકોનો નાશ થશે. પણ તું તથા તારુ કુટુંબ તેમજ જે પ્રાણીઓને હું તને વહાણમાં લેવાની આજ્ઞા આપુ છ્, કે જેઓ તારી સાથે વહાણમાં જશે તેઓ સર્વ બચી જશે. હું તારી સાથે મારો કરાર સ્થાપન કરીશ. ઈશ્વરે નુહને અદ્રશ્ય વસ્તુઓ વિષે (જે વસ્તુ હજુ જોવા માં આવી નથી તે) ચેતવણી આપી. (હિબ્રુઓને પત્ર ૧૧:૭). તે સમયે પૃથ્વી તો સંપુર્ણ સુકી હતી અને પાણીનાં કોઈપણ ઝરાઓ અસ્તિત્વમાં ન હતા. એ અશકય હતું કે, પાણીનો પ્રવાહ આટલા મોટા વહાણને તરતુ કરી શકે. તો પણ નુહે ઈશ્વરનાં શબ્દ પર વિશ્વાસ કર્યો, અને તેણે દેવદારનાં લાકડાનું ડામર ચોપડીને વહાણ બનાવવાનું શરૂ કર્યુ. ઈશ્વરે આપેલી દોરવણી પ્રમાણે નુહે વહાણ બનાવ્યુ. પવિત્ર ભયમાં તેણે "વહાણ બનાવ્યુ કે જેથી તેનાં ઘરનું તારણ

થાય". (હિબ્રુઓને પત્ર ૧૧:૭). તેણે ઈશ્વરને આજ્ઞાંકિત થઈને દેવ પ્રત્યેનો પોતાનો વિશ્વાસ દર્શાવ્યો. જયારે તે વહાણ બનાવી રહયો ત્યારે દેવે કહય, નુહ, તું તથા તારુ કુટુંબ વહાણમાં આવો. સાત દિવસ પછી પૃથ્વી પર વરસાદ વરસસે અને જેઓ તારી સાથે વહાણમાં છે, એટલે તારુ કુટુંબ તથા પ્રાણીઓ તેટલા જ બચી જશે.

આથી નુહ તથા તેની પત્ની તથા તેનાં ત્રણ દિકરાઓ અને તેમની પત્નીઓ વહાણમાં ગયા ત્યારે નુહ ૬૦૦ વર્ષનો હતો. જયારે નુહનું કુટુંબ વહાણમાં ગયુ ત્યારે પક્ષીઓ અને પ્રાણી ઓ, નર અને માદા એમ જોડા તરીકે તેમની પાસે વહાણમાં આવ્યા. શુધ્ધ પક્ષીઓ તથા પશુઓ ની સાત-સાત જોડી તેમની પાસે વહાણમાં આવી. જયારે દરેક પ્રાણીઓ અને પશુઓ વહાણમાં આવી ગયા ત્યારે દેવે બારણુ બંધ કર્યુ.

એજ દિવસે આકાશની ઉપરનાં પાણી પૃથ્વી પર પડયા. ધરતી પણ ફાટી અને પૃથ્વી પર ફુવારા તથા પાણીનાં ઝરણા શરૂ થયા. ૪૦ રાત અને ૪૦ દિવસ વરસાદ વરસ્યો. સમગ્ર પૃથ્વી પાણીથી ઢંકાઈ ગઈ. દરેક પશુઓ અને પ્રાણીઓ ડૂબી મર્યા. પૃથ્વી પરનાં સૌથી ઉંચા પર્વતથી ૭ મીટર (૨૩ ફુટ) જેટલા ઉંચા પાણીમાં પૃથ્વી ડુબી અને ત્યારે વરસાદ બંધ પડયો.

લોકોનાં અવિશ્વાસ અને દુષ્કર્મોને કારણે દેવે પૃથ્વીનો ન્યાય કર્યો. મનુષ્ય જાતની સંપુર્ણ અધમ અવસ્થાને કારણે પૃથ્વી પરનાં તમામ લોકોનો નાશ અનિવાર્ય હતો કે જેથી નવી મનુષ્ય જાતને ઈશ્વર સાથેની સંગતી માટે તક મળી શકે. એ એજ પાણી હતુ કે જેણે નુહનાં વહાણને નાશ પામવાથી બચાવી લીધુ અને તરતુ કર્યુ. નુહનું કુટુંબ તથા તેની સાથે રહેલા તમામ પ્રાણીઓ અને પક્ષીઓનો બચાવ થયો.

વરસાદ રહી ગયા પછી ૧૧૦ દિવસ સુધી નુહનું વહાણ તરતુ રહયું. નુહનાં વિશ્વાસની પરીક્ષા પણ થઈ ગઈ કેમકે, તે જાણતો ન હતો કે પૃથ્વી પરનો પ્રલય કેટલા દિવસ સુધી લંબાશે . દેવે નુહ તથા તેનાં કુટુંબ પ્રત્યે પ્રેમ દર્શાવ્યો અને તેમને યાદ કર્યા. દેવે પૃથ્વી પર ભારે પવન મોકલ્યો કે જેથી પાણી દૂર થાય. દેવે પાણીનાં ઝરણાઓને પણ બંધ કર્યા. અંતે વહાણ અરારાટ પહાડો ઉપર જઈને ઉભુ રહયું. હાલમાં તુર્કી દેશની પૂર્વમાં આ પહાડ આવેલો છે. ચાર મહિના નુહે રાહ જોઈ અને ત્યાર બાદ બારી ખોલીને જોયુ કે પૃથ્વીની હાલત કેવી છે. એણે કાગડાને બહાર મોકલ્યો. પરંતુ,તે મરેલા જીવોને, પ્રાણીઓને ખાવા રહયો અને પાછો આવ્યો નહિ.

નુહે બીજુ પક્ષી મોકલ્યુ કે જે કબુતર હતુ. કબુતર પોતાની ચાંચમાં જૈતુન વૃક્ષનું લીલુ પાંદડુ મોઢામાં લઈને પાછુ આવ્યું. આથી નુહ જાણી શકયો કે, પૃથ્વી પરનાં છોડવા ફરી ઉગ્યા છે. એક મહિના પછી નુહે વહાણનું છાપરુ ખોલ્યું અને જોયુ તો પૃથ્વી સૂકી થઈ હતી. દેવે કહયું "વહાણમાંથી બહાર આવો. તું અને તારી પત્ની તથા તારા બાળકો અને તેની પત્નીઓ. વહાણ માં રહેલા તમામ જીવો પણ બહાર આવે કે જેથી તેઓ પૃથ્વી પર વૃદ્ધિ પામે."

જેવો નુહ વહાણમાંથી બહાર આવ્યો કે તેણે વેદી ઉપર શુધ્ધ પ્રાણીનું બલીદાન આપીને ઈશ્વરની સ્તુતી કરી. દેવે તે બલીદાન સ્વીકાર્યુ અને કહયું, મનુષ્ય જાતને કારણે હવે ફરી કદી આ જળ પ્રલયનો શાપ હું નહિ લાવુ કેમકે, તેમનાં વિચારો તથા હૃદયની ભાવનાઓ બાળપણથી જ ભૂંડી છે. હવેથી પૃથ્વી પર વાવણી તથા કાપણી, ઠંડી તથા ગરમી, ઉનાળો તથા શિયાળો,દિવસ તથા રાત્રી થતા રહેશે. (ઉત્પત્તિ ૮:૨૧-૨૨). દેવે મેઘધનુષ્ય વાદળામાં મુકીને આ કરાર કર્યો. હવેથી જયારે તમે આકાશમાં મેઘધનુષ્ય જુઓ છો ત્યારે ઈશ્વરે પૃથ્વી પર મનુષ્ય જાત સાથે કરેલો કરાર તમે યાદ કરશો. આ અભ્યાસ દર્શાવે છે કે, ઈશ્વર પવિત્ર છે. ઈશ્વર ન્યાયી છે અને તે લોકો ઉપર પોતાની કૃપા દર્શાવે છે. સ્વપ્રયત્ન દ્વારા પાપથી થતા નાશને આપણે દૂર કરી શકતા નથી. આપણે દેવનાં વચનો ઉપર વિશ્વાસ કરીએ અને આધિન થઈએ તો જ આપણે તારણ પામી શકીએ.

આ અભ્યાસમાં રહેલી સચ્ચાઈ દર્શાવે છે કે, ઈશ્વર પવિત્ર છે. જેઓ પાપ કરે છે વિશ્વાસ કરતા નથી અને ઈશ્વરની તારણની યોજનાને ઠુકરાવે છે તેઓનો ન્યાય ઈશ્વર કરશે. પણ જેઓ વિશ્વાસ કરે છે તેઓ પર કૃપા દર્શાવવામાં આવશે.

આ અભ્યાસને પુનરાવર્તીત કરતા આપણે પુછીએ કે,

પ્ર.૧ વહાણ પુરુ થયા પછી અને વરસાદ શરૂ થયા પહેલા નુહ તથા તેનાં કુટુંબ પાસે દેવે કોને મોકલ્યા ?

(જ) (૮ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે, -પક્ષીઓ તથા પ્રાણીઓ, નર તથા માદા એમ જોડા સ્વરુપે નુહ પાસે આવ્યા - તો તમે સાચા છો.

પ્ર.ર વહાણમાંથી બહાર આવ્યા પછી નુહે કયુ પ્રથમ કાર્ય કર્યુ ?

(જ) (૮ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે, - નુહે વેદી બાંધી કે જેથી તે તેનાં કુટુંબ સાથે દેવનો આભાર માને અને સ્તુતિ કરે - તો તમે સાચા છો.

પ્ર.૩ જયારે નુહ તથા તેનાં કુટુંબે દેવની આરાધના પુરી કરી ત્યારે દેવે તેમને શું વચન આપ્યું ?

(જ) (૮ સેકંડ માટે થોભો) જો તમે કહો છો કે,- ફરી કદી હું પૃથ્વીનો નાશ જળપ્રલયથી કરીશ નહિ - તો તમે સાચા છો.

પ્ર.૪ દરેક વ્યકિતનાં હૃદયના વિચારો તથા ભાવનાઓ બચપણથી દુષ્ટ છે તો આપણને ન્યાય ચુકાદાની જરૂરત છે અને આપણને દેવની કૃપાની જરૂરત છે. લોકો આ સચ્ચાઈને જાણે તે જરૂરનું નથી શું ? આ વિશે વિચારો અને આ સંદેશો બીજાઓને આપો.

આદમ અને હવા, કાઈન તથા સમગ્ર અનાજ્ઞાંકિત પૃથ્વીનાં લોકો ઉપર જળપ્રલય આવ્યો. તમારા મિત્રને પુછો કે, જો ઈશ્વર તરફથી આવો બીજો કઈ ન્યાય આવે તો તેને માટે તે અથવા તેણી તૈયાર છે ? જો ના, તો ઈસુ પર વિશ્વાસ કરવા દ્વારા તથા તેમની દયા તથા કૃપા દ્વારા મળતા તારણ વિશે તેમને જણાવો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.